स्वर्गवासी सौ० ब्हेन हरिगंगानां स्मरणार्थे.

॥ શ્રીમતે રામાનુજાય નમઃ ॥

“ श्री गंगाजी ”

લેખક,

અનંતપ્રસાદ ત્રિકમલાલ શ્રી[illegible].

માંગરોળ—(કાઠીયાવાડ.)

પ્રકાશક,

સૌ૦ “નાની બ્હેન.” (શ્રી દેવી);

(માંગરોળ);

(ગુણા; ગ્વાલીયર.)

આવૃત્તિ ૧ લી.   સને ૧૯૧૫.   પ્રત. ૫૦૦.

અમદાવાદ—શ્રી “સત્યવિજય” પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. સાંકળચંદ હરીલાલે છાપી.

મૂલ્ય (શ્રદ્ધાથી વાંચન.)

परमपदवासी सौ० ब्हेन हरिगंगाना स्मरणार्थे.

॥ શ્રીમતે રામાનુજાય નમઃ

" श्री गंगाजी "

લેખક.

અનંતપ્રસાદ ત્રિકમલાલ શ્રી વૈષ્ણવ.

(માંગરોળ—કાઠીયાવાડ.)

પ્રકાશક.

સૌ૦ "ન્હાની બ્હેન." (શ્રી દેવી); (માંગરોળ);

(ગુણા; ગ્વાલીયર.)

પ્રત. ૫૦૦.

સંવત્ ૧૯૭૧. સને. ૧૯૧૫ ઈ.

અમદાવાદ—શ્રી "સત્યવિજય" પ્રીન્ટિંગ પ્રેસમાં

શા. સાંકળચંદ હરીલાલે છાપી.

મૂલ્ય (શ્રદ્ધાથી વાંચન.)

" જેઠ સુદી દશમી દિને, ઓગણી છપ્પન સાલ; "

" હરિગંગા હરિપદ ગયાં, પ્રભુનો પ્રાતઃકાળ. " ૧

શ્રીમતે રામાનુજાય નમઃ

॥ श्रीविष्णु स्तुति. ॥

॥ ॐ नमो भगवते वासुदेवाय ॥

ॐ ઇતિ જ્ઞાનમાત્રેથી, જીણું રાગ પચે નહીં
કાળ નીદ્રા શરણભૂત, મધુસુદન તારશો. ૧
ન ગતિ નાથ છે કોઇ, આપ એકાશ્રય પ્રભો;
પાપ પંકે પડયાં રહેતાં, મધુસુદન તારશો. ૨
મોહ જાળે ફસ્યાં પૂરાં, પુત્રાદિજ ધનાદિમાં;
તૃષ્ણા વડે પીડા પામ્યાં, મધુસુદન તારશો. ૩
ભક્તિ હીણાં દીન પુરાં શોક દુઃખાર્ત; હે પ્રભો !
અનન્યાશ્રય આપ નાથ, મધુસુદન તારશો. ૪
ગતાગતે વિરામ્યાં આ દીર્ઘ સંસાર માર્ગમાં;
ભૂમાં એથી નથી જાતાં, મધુસુદન તારશો. ૫
બહુ પ્રથક્ પ્રથક્ દ્વારો, જન્મનાં દીઠાં બહુ;
મહા દુઃખ ગર્ભવાસે, મધુસુદન તારશો. ૬
તેથી પ્રપન્ન પડયાં દેવ, સંસાર સ્થિતિકારક;
સંસાર મોક્ષને આપો, મધુસુદન તારશો. ૭
વાણી વડે પ્રતિજ્ઞા પણ કર્મથી ન કશું કર્યું;
એવાં કર્મ દુરાચારી, મધુસુદન તારશો. ૮

સુકૃતિ ન કરી કાંઇ, દુષ્કૃતિજ કરી પૂરી;
ઘોર સંસારમાં મગ્ન, મધુસુદન તારશો. ૯

દેહાન્તર હજારોમાં, અન્યોન્ય ભમતાં રહ્યાં;
તિર્યક્ પશુ મનુષ્યોમાં, મધુસુદન તારશો. ૧૦

વાચા જૂઠી પૂરી મીઠી, આપ અગ્રે હવે પડયાં;
જરા મરણુ થકી બ્હીતાં, મધુસુદન તારશો. ૧૧

યત્ર યત્ર હવે જૈયેં, સ્ત્રીમાં વા પુરૂષો પ્રતિ;
તત્ર તત્ર ભક્તિ અચલા, મધુસુદન આપશો. ૧૨

"હરિગંગા" શ્રવણે ધરી વામન રંગ સરકાર,
શ્રીગંગ સ્નાનાદિ કરી, મથુરાપુર મોઝાર;
ત્રિકમપદરજ મરજી સમ સુંદર શ્યામાકાર."
ત્રેણે પદમાં પ્રેમથી પુષ્પ તુલસી નમસ્કાર. ૧૩

"મધુસુદન બિન અન્ય ન મોય
શુદ્ધ સ્તવન ગાયન જો હોય;
અનેક જન્મોમેં મોયે રોક
અભિમુખ કીયા કૃપા સંયોગ
મેરે હિ વો ત્રિવિક્રમનાથ
બની મેરો વાતેં સબ બાત" ॥

"નમતા મનવાનેં કર દીયા, વામન સમર્થનેં સબ કીયા."

"રંગરંગા"—

શ્રીમતે રામાનુજાય નમઃ

नमो रामानुजार्याय तस्मै निःसीम तेजसे ।

परित्राणाय यस्यासीद्‌वतारो महीतले ॥

॥ लक्ष्मी प्रेम समुद्भूते हरिद्रे हेम सांनिभे । बिभर्मि-त्वां महाभागे वरदा भव ते नमः ॥ इति मंत्रेण या नारी श्रीचूर्णमभिमंत्रितम् । स्नात्वा धारयते ।नित्यं सा लक्ष्मीव विराजते ॥ ९०, ९१, बृ० ब्र० सं० पाद ३. अध्याय १०

વૈકુંઠવાસી સૌ૦ ભગવતી માતુશ્રી સાર્થક સાસુજીની સેવામાં:—

ભગવાન ગરૂડારૂઢ ગોવિંદનું ગજેન્દ્રે જે સંકીર્તન કર્યું તેજ ગાન સ્તુતિ કરતાં કરતાં રંગપંચમી સાધીને આપ શ્રી પરમધામને પ્રાપ્ત થયા પછી તો સુમારે બે મહિને મ્હારો જન્મ; એટલે આપના પ્રાકૃત દેહનું તો મ્હને સ્મરણ ક્યાંથી? જેથી જ્ઞાનાનંદાત્મક દિવ્ય મંગળ વિગ્રહ શ્રીપતિનેજ અનુ-રૂપ—શ્રીપતિપદાંબુજ સેવતું આપનું દિવ્ય સ્વરૂપ—રૂપ સ્મરતી ચરણોમાં નમીને પૂજ્ય સૌ૦ “हरिगंगा” (હીરા) બ્હેનના સ્મરણમાં શ્રી ગંગા માતાની આ કથા અર્પણ કરૂં છઊં. તે આપના પરમાનંદમાં શ્રીમન્નારાયણ પ્રીત્યર્થે આદર પામો એજ વિનંતી.

રંગ પંચમી સંવત્ ૧૯૭૧
મુ૦ ગુણા રિયાસત ગ્વાલીયર
મધ્ય હિંદ.

સદૈવ આપની દીન કિંકરી

સૌ૦ શ્રીદેવી.

દોહરા.

જેઠ સુદી દશમી દિને, ઓગણી છપ્પન સાલ,
હરિગંગા હરિપદ ગળ્યાં, પ્રભુનો પ્રાતઃકાળ. ૧
વેંકટેશથી માંડીને રામ ઝરૂખે હેઠ,
હરિગંગા સ્મરતાં રહ્યાં, દીવ્ય દેશની ભેટ. ૨
મહોદધિ સ્નાન કરી વળ્યાં, ફરી કાવેરી પાર,
શેષશાયી શ્રીરંગનાં, ચરણોની મોઝાર. ૩
બ્હેની કરજોડી ઢળ્યાં, પ્રપત્તિયોગ અનુસાર;
હરિ સ્મરણે શ્રીપ્રભુપદે, હરિગંગે ! નમસ્કાર. ૪
રંગનાથની રાણીનાં, કરતાં મહાયશ ગાન;
ભાણી મંગળા લઈ ચઢયાં, હરિને દિવ્ય વિમાન. ૫
એકતાળી વૈશાખ સુદ, આઠમ પ્રકટયાં આંહી,
તાત ભક્તિ ફળ મેળવ્યું, દીપો વૈકુંઠમાંહી. ૬
"હીરો" હતાં હરિદાસને, શ્રીરંગ મુકુટની માંહ્ય,
મહા મણિ અર્પણ થયાં, મુક્તસુરીગણ ચાહ્ય. ૭
ગંગકથામૃત પાનથી, સદૈવ સ્મરણજ થાય;
હરિગંગાની કિંકરી, ગંગગાન આ ગાય. ૮

શ્રી હરિઃ

શ્રી ગંગાજીની કથા.

પૂર્વ રંગ.

પદ. રાગ ગોડી.

શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર,
મહિમા અપાર લાભ લેતાં નરનાર. ટેક.
અરપ્યું જળ એની સંગે, તે થયાં શ્રીમાત ગંગે;
થાય પ્રસંગે બેડો પાર, શ્રીપતિ પદાંબુજનો
મહિમા અપાર.

ભગવાન શ્રીશંકર સ્વામી પણ આજ્ઞા કરે છે કેઃ—

"ગીતાને સહસ્ત્ર નામનુંજ ગાન કરવું, અને વારંવાર શ્રીપતિનું ધ્યાન કરવું."

ગીતાચાર્ય પોતેજ શ્રીપતિ છે. તેનાં અનેક નામો શાસ્ત્ર વેદ વેદાન્તમાં છે. શ્રીભીષ્મપિતાએ સહસ્ત્ર નામથી પણ તેમનીજ સ્તુતિ ગાન કરેલી છે અને આપણે સૌ પણ તેજ સહસ્ત્રનામ ગાન નિત્ય કરતાં રહીએ છીએ. તેનાં જે અનેક નામો તે પછીથી દેવો ઋષીઓ આદિનાં

નામો ઠર્યાં તેથી કોઇ બ્રહ્મને જગત કારણ કહે છે, તો કોઇ હિરણ્યગર્ભને, કોઇ પ્રજાપતિને તો કોઈ શિવજીને કહે છે. તે ગુંચવણ ટાળવાને ચારે વેદનું પુરૂષસુક્ત તેનું ખાસ લક્ષણ જણાવીને તેની ખાસ ઓળખાણ દે છે કે તે " પુરૂષ " " જેની લક્ષ્મી પત્ની છે. " તે શ્રીપતિ શ્રીમન્નારાયણજ જગતકારણના રામકૃષ્ણાદિ અવતારો છે. એટલે તે શ્રીપતિપદના મહિમાની બરોબર બીજા કોઇનો મહિમા કેમ આવે ? માટેજ " શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર."

જગતનું કારણ કર્ત્તા ભર્ત્તા સંહરતા મોક્ષપ્રદાતા શ્રીપતિજ. " ઇદં એકં અદ્વિતીયમ્ " તે પણ તે પોતેજ. અનેક દેવ સમાન, ત્રણ દેવ સમાન, વિષ્ણુથી બીજા દેવ મ્હોટા, આ બધો કજીઓ પતી જાય છે. " ધ્યેયં શ્રીપતિ-रूप मजस्रं " શંકર સ્વામીજ કહે છે. વૈષ્ણવોને તો મન ભાવતું છે જ કે " શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર. "

" રૂપ " કહ્યું. " શ્રીપતિ " કહ્યા એટલે સાકાર પુરૂષાકારજ ઠર્યા. શ્રીવાળા ઠર્યા. " નમે તે પ્રભુને ગમે " માટે તેના " રૂપ "માં પણ શ્રી ચરણારવિંદ ત્યાં નમવું કષ્ટ જાવા, ને ઇષ્ટ મળવા માટે. આપણી વારેવાર; ત્યાં સુધી તે

પણ વાટ જુવે, ને તેને નમે ત્યારે કષ્ટ હરે. પણ એક-દિન, વખત આવે ત્યારે. અહલ્યાજી, તુકારામ, મીરાંબાઈ, નૃસિંહ મ્હેતાજી સરખી ઉગ્ર ભક્તિ નથી કે આપણે માટે પ્રત્યક્ષ પ્રકટે નેં લાભ લઈએં તેથી ચંડાળ સહિત સારૂ તેમણેજ કૃપાથી ગોઠવણ કરી આપી છે કે, "અરપ્યું જળ એની સગે, તે થયાં માત શ્રી ગંગે, જેના પ્રસંગે બેડો પાર " શ્રી પતિનાં સાક્ષાત્ પદાંબુજને જે જળ સ્પર્શ્યું તેજ "श्री विष्णुपादोदकी मात गंगे" છે. જેનો લાભ છેવટે મરતાં પણ મ્હોંમાં ગંગા જળ પહોંચે છે અથવા ચૂકે તો છેવટે અસ્થી ગંગામાં પધરાવવા વહીવટ પ્રસિદ્ધ છે. તેથી મોક્ષ છે. સૌ માને છે ત્યારે તો આચરે છે. "લાભ લેતાં નરનાર" જેના શ્રીપાદજળની આ વડાઈ; પછી ખુદનું શું કહેવું ? એજ કે.

"શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર"

તે મહીમાનું વધુ કહેવાને "ગંગાજીની કથા" યોગ્ય છે. કોઈનું ધ્યાન ખેંચવાને કાન પકડયેથી અપમાન છે; મિત્ર સૂચના હાથ પકડયેથી છે. પરંતુ દીનતા, ને ઈષ્ટ પ્રાપ્તી ઉપાય તો ચરણો પકડવામાં છે. ગતિ રોકાય છે. આપણી તરફ

લક્ષ જાય છે તેને દયા આવે છે ને શું જોઈએ છે ? એમ પૂછે છે. એ પાદ અવલંબન પ્રતાપ છે. અર્થીના અનુભવની વાત છે. માટેજ

" શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર."

જગમાં જનો પગે લાગે છે. પત્રે પણ " પાયે લાગી જે ગોપાળ " લખાય છે. ગુરૂ વિપ્રનો જમણો પાદ પૂજાય છે. પાદ જળને " શ્રીપાદ તીર્થ " કહીએ છીએં.

બ્રહ્મા સુદ્ધાંત પ્રાકૃત દેહમાં છે. તે પ્રકૃતિ સંબંધને કેમ ટાળી શકે ? શ્રીપતિ તો દિવ્ય મંગળ વિગ્રહ—દિવ્ય હિરણ્મય છે; શુદ્ધ સત્વમય છે તે દ્રવ્યજ જ્ઞાનાનંદાત્મક છે. શ્રી પુરૂષોત્તમ પ્રભુ " प्रज्ञानमानंदं ब्रह्म. " જ્ઞાનસ્વરૂપ આનંદ સ્વરૂપ છે. અગ્નિકાષ્ઠ ન્યાય છે. કાષ્ઠે અગ્નીરૂપજ બની જાય છે. જ્ઞાન અજ્ઞાનને હરે છે. તેજ પ્રભાવે અંધકાર મટે છે. આત્માને અજ્ઞાનનું આવરણ છે. એટલે જ્ઞાન સંકોચથી જંતુઓ મોહ પામે છે. અજ્ઞાન જ્ઞાનવડે જેનું ટળે છે તેમનું જ્ઞાન સૂર્ય પેઠે સંપૂર્ણ પ્રકાશે છે. તે સારૂ ઉપાય પ્રભુજીના પાદમાં પડવાનું તે કર્યું કે અજ્ઞાન કાયમ રીતે ગયું.

દશ અશ્વમેધ યજ્ઞનું ફળ સ્વર્ગ મળે, ત્યાંનાં સુખની સમાપ્તીમાં ફરીને "જન્મ–મરણ" સાર એ કે–અજ્ઞાન–માયા–પ્રકૃતિનો સંબંધ એથી ટળતો નથી. પણ શ્રીકૃષ્ણચંદ્રને એક વાર પણ જો પ્રણામ કરે તોપછી ફરીને જન્મ થતો નથી કારણ તે ચરણો જ્ઞાનાત્મક છે તે માયા સંબંધ ટાળે છે. તેજ મુક્તિ માટેજ—

"શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર."

કારણ વળી—

"તવપદ કમળ જે માંહેથી, અમૃત તણાં ઝરણાં ઝરે; તેમાં મૂંકાયું ચિત્ત, તે શીદ અન્યની ઇચ્છા કરે." પ્રભુમાં આનંદ પણ છે. તે અદ્‌ભૂત અમૃત છે. માટે તેમનાં ચરણોને કમળ કહ્યાં. તે વડે મુક્ત આનંદમય થાય છે. કારણ તેનો સ્પર્શ સુખમય તાપહારી આનંદકર છે. તેના નખસ્થાને દિવ્ય ચંદ્રો છે તેમાંથી સદા અમૃત ઝરે છે. "तवामृतस्यंदिनि पादपंकजे निवेशितात्मा कथमन्यदीच्छति." તેથીજ "શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર."

ચાહે વેરથી કે ઝેરથી, પણ હરિપદ સંબંધ શેં આવે? શકટાસુર શ્રીપાદ સ્પર્શ થતાં વિદેહ થઇ છૂટયો કાળીનાગે ડંખો માર્યા પ્રભુએ તેના મસ્તક ઉપર શ્રીપાદ પ્રહાર કર્યા

ફળ એ કે તે કેદથી છૂટયો. ગરૂડાદિ શત્રુથી નિર્ભય થઇ રહ્યો. તીર દ્વારા શ્રીપ્રભુપાદ સ્પર્શ પ્રભાસમાં વ્યાધે કરતાં કરતાં તે પણ સ્વર્ગે, તો પ્રેમ, વિનય, ને દીનતાથી શ્રીપાદમાં ઝુકે તેના કલ્યાણનું શું કહેવું? પ્રભુપાદ સ્પર્શથી પ્રભુ સમાનજ થાય છે.

અક્રૂરજી કંસના પ્રપંચવશ છતે ગોકુલ સમીપ પહોંચતાં રેતિમાં પગલાં દીઠાં કે રથથી ઉછળી તેમાં લેટતાં એવા પવિત્ર, ને પ્રેમી બન્યા કે પાછા વળતી વેળા યમુનાજીમાં ડુબકી મારતાં દીવ્ય લીલાનું દર્શન મળ્યું. ગોપીઓ પણ તેમનું સુખ ખોયાથી પ્રભુનાં પડેલ પગલાંનો આશ્રય કરી લીધાથી ધાર્યું મેળવી શકી.

સાક્ષાત્ શ્રીરૂકમીણીજીએ પણ પ્રેમપત્રમાં એજ લખ્યું કે

"જેના પદાંબુજની રજે કરવા ચાહે અજ શિવ સ્નાન, મોંઘા એવા મ્હોટા દેવની પાદ સેવા ચહું હું નીદાન; ચાહું કૃપાને તે જો નહિ થાય; તો ભલે સેંકડો જન્મો જાય; તપી તપીને માગીશ એજ, કમળ નયન કરવું પડશેજ."

"રૂકમીણીનો એ સંદેસો."

જગત્ નવ પલ્લવ કરનારી ખુદ શ્રીજી પણ આગ્રહથી શ્રીપાદ સેવા માગે છે. બ્રહ્માએ પણ વ્રજવાસીયોને જોઈ એજ માગ્યું છે.

બાણાસુરને શ્રીકૃષ્ણચંદ્ર સંગ્રામ પ્રસંગે શ્રીમહાદેવજીએ પણ એજ કહ્યું કે દેવે મનુષ્ય દેહ આપ્યો. તે છતાં ઇન્દ્રીયો ન જીતીને આપના પાદનો આદર નથી કરતા તે આત્મવંચક પોતાનેજ ઠગનારા છે. તેમના માટે શોચ કરવા જેવું છે." માટેજ

"બીજાંઓનું બીજાં જાણે, હું તો મારૂં સાધુંરે,
દ્વારકાના નાથને આનંદથી આરાધુંરે."

તે કેવી રીતે! કહી ગયાં કે દીનતાથી પ્રેમ, ને વિનયથી; તેમનાં શ્રી ચરણોનુંજ સમાશ્રયણ અવસ્ય કરવું. તેથી— એમની કૃપાથી સઞીજ અમંગળ માત્ર મટી જવાનાં, એથી આગળ વધીને બીજાંઓને પાવન કરવાપણું-બીજાંનું ભલું કરવાપણું પણ આવે છે. જુઓ શ્રી ગંગામાતાની કથા. તેથી વધારે સમઝાશે કે—

" શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર. "

ઇતિ.

શ્રી ગંગાજીની કથા.

"કાંના બંસીવારેને" એ રાગ;

શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર,
મહિમા અપાર ધ્યાયે શર્ણું નરનાર—શ્રીપતિ;
સ્પર્શ્યું જે જળ એની સંગે, તે થયાં માત શ્રીગંગે.
જેના પ્રસંગે અનુ પામે ભવપાર. શ્રીપતિ૦

"પોઢયા દીનાનાથ જગજીવન તાત" એ રાગ.

થયો બલીરાય મહાંબળીકાય, બળીદાન વિષે તેવો ગણાય;
ઇન્દ્ર પદવી ચ્હાય, યજ્ઞ કીધા એ નવ્વાણું. થયો. ૧
તપી અદિતી માત, વદી સ્વપતિ સાથ, વિપતી જણાવી.
કરી યુક્તિ હાથ, આપ્યું જગના નાથ સુત થવાનું સુટાંણું. થયો. ૨
બની બટુક વેશ, જઈ તેજ દેશ; યજ્ઞભૂમિમાં કરી સુપ્રવેશ;
તેજ છે વિશેષ એહેવું બ્રાહ્મણોએ જાણ્યું. થયો. ૩
બોલ્યા બળી આપ, જોઇને પ્રતાપ, ત્રણપગ દેવી ભૂ કરી માપ;
લઇ વચન બાપથી ન છુપ્યું રહેવાણું. થયો. ૪
વધ્યો એકપાદ, પાતાળસાથ; ભૂભરી લીધી કે બીજે પાદ;
જઇ અડયો સત્યલોક અજે જાણ્યું. થયો. ૫

ગરબી.

આવ્યો આવ્યોરે શ્રીવરપાદ, સત્ય લોકમાંહે;
ભાવ્યો ભાવ્યોરે નિરખવા સાથ, બ્રહ્માને ત્યાંહે; ૬
નખચંદ્રમણિતણાં કીરણની કાંતિ બણી અગાધરે;
તેજ થયું ઝાંખું સ્વભુવનનું, પામ્યા સહુ આલ્હાદ સત્ય. ૭
મરીચી આદિ શ્રીબ્રહ્મર્ષી, સનકાદિ બ્રહ્મચારીરે,
વેદો શ્રુતિઓએ અવિલોકી, ગયાં પ્રેમથી વારી, સત્ય. ૮
કમંડળુમાં તીર્થોનું જળ, ભર્યું હતું બ્રહ્માએરે;
તે રેડીને પૂજન કીધું, સૌ સાથે શુચી કાયે. સત્ય. ૯
નમ્યા સ્તવ્યા શ્રીમાન્ ચરણને, શરણ વરણ થઇ પ્રેમેરે,
પાદ તીર્થ એ પડયું ત્યાં થકી, રહ્યું સ્વર્ગમાં ક્ષેમે. સત્ય. ૧૦

દીંડી.

પ્રભુ પાદ તીર્થ આજે જે બનાવ્યું, નભે હેરતાં સુરોને મન ભાવ્યું,
નામગંગાથી થયું બધે ચાવું, દેવ મંડળના ભાગ્યમાંજ આવ્યું. ૧૧

દોહરો.

દેવઋષિ સેવી થતા, સુખી શુચિ મહાભાગ;
ભૂ પાતાળ નિવાસીને, મળ્યો નહિ એ લાગ. ૧૨

લાવણી.

ઇક્ષ્વાકુવંશમાં થયા સગર મહારાજા,

શ્રી અવધનગરમાં રાજ્યાસને બિરાજ્યા.
વૈદર્ભ રાજની સુતા કેશીની રીઝી,
સુમતિ અરિષ્ટનેમીની સુતા વરી બીજી. ૧૩
સંતતિ ન થઇ એકેને ન પડયું ચેને,
આવ્યા તપ કરવા ભૃગુ આશ્રમમાં ક્ષેમે;
સો વર્ષ તપ્યા તવ મુનિવર રીઝયા પ્રેમે.
વરદાન માગવા કહ્યું મુખે વિણ વ્હેમે. ૧૪
સમજીને ઇચ્છા વદયા બેઉ રાણીને,
સુતથશે વંશ વર્ધકે એક શાણીને;
બીજીને સાઠ હજાર રૂપાળા થાશે.
થાશે તે તેને જે જેવું ચિત્ત ચ્હાશે; ૧૫
કેશીનીએ ચાહ્યો એક થયો તે તેને,
સુમતિએ ચાહ્યા ઘણા લોભ છે જેને;
તુંબીથી નીકળ્યા સાઠ હજાર પ્રતાપી,
ધૃત કુંભે રાખી પાળ્યા ધાને આપી. ૧૬

"પિયુને તજાવનાર" એ રાગ.

કેશીનીનો પુત અસમંજસ એ નામ,
બાળકપણાથી કર્યું તેણે બદ નામ; ૧૭
લોકોનાં છોકરાં છાનાં તે પકડી જાય,

ડુબાડે નદીની માંહે ભેદ ન સમજાય. ૧૮
પ્રજાવિષે પુરો થયો એથી હાહાકાર,
પામ્યા હાર ઠાર રાજા ભારે તિરસ્કાર. ૧૯
તેનો તેથી કીધો ત્યાગ દીસો વનવાસ,
સ્વીકાર તેણે કીધો સુખે છોડયું આવાસ. ૨૦
જાતી વેળા આવી પોતે સરયુને તીર,
ડુબાડેલા બાળોને બોલાવ્યા સશરીર, ૨૧
નીસરી નીકળી દોડી ગયા તે સ્વધામ,
યોગીએ તુરત છોડી ગયા એ સ્વધામ. ૨૨
યુક્તિથી સુખેથી મેળવ્યો એ વનવાસ;
એકાન્તમાં સેવી કીધા વશ શ્રી નિવાસ. ૨૩
પોતે પુંઠે મુકી ગયા પુત્ર અંશુમાન.
બુદ્ધિમાન બાળપણથી મેળવ્યું છે માન. ૨૪
કાકાઓની પાસે તે સમે તો હતો બાળ,
પણ એજ પુંઠે થયો પ્રજાપ્રતિપાળ. ૨૫

લાવણી " ધર્મ ધુરંધર " એ રાગ;

ચલો યજ્ઞ કરવાને સગરે હીમ વિંધ્ય મધ્યે'
અંશુમાન હયરક્ષણ કરવા રોકયો અનવદ્યે; ૨૬

સોંપી સેવ સુખેં કરતો તે સાવધાન રહીને,
છેલ્લે દિન ઇન્દ્રે હય ચોર્યો કપટ વેશ લઈને. ૨૭
વિધ્ન થયુંને રહ્યું અધુરૂં કાર્ય પાપ લાગે;
સાઠ હજાર સુતોથી બોલ્યા રાજા મહા ભાગે, ૨૮
હય શોધીને લાવો પુત્રો સંકટથી તારો;
ભૂ પર્વત ગિરિકંદર અંદર હય શોધો મ્હારો. ૨૯
ન જડે તો પૃથ્વી ખોદીને જો જો પાતાળે;
હય લીધા વિણુ પાછા ફરશો નહીં કોઇ કાળે. ૩૦
યોજન યોજન ભૂમિ ખોદશો દરેક જો બળથી,
તો પાતાળે ઝટ પહોંચાશે કામ થશે વળતી. ૩૧
નહીં આવો ત્યાં સુધી રહું અહીં અંશુમાન સાથે;
મને મારવો કે ઊગારવો છે સૌ તમ હાથે. ૩૨

ચોપાઈ.

ચાલ્યા પુત્રો સાઠ હજાર, ખોળી ભૂમિ ઠારોઠાર;
અશ્વતણો પત્તો ન લગાર, સિદ્ધ કર્યો તવ ચિત્ત વિચાર, ૩૩
ભૂમિ ખોદવા મંડયા ભ્રાત, એક એક યોજન નિજ હાથ;
વળ્યો ઘણા જીવોનો ઘાણ, ચાલ્યું ત્યાં બહુ દિન રમખાણ. ૩૪
ખોદ્યું યોજન સાઠ હજાર, વરત્યો ચહું દીશ હાહાકાર;
હવે ભુમ કરી અજ પાસ, તે કહે હરશે દુઃખ અવિનાશ. ૩૫

બળના ભરેલ મંડયા સર્વ, ઉરમાંથી ઉભરતો ગર્વ;
નિર્દય થઇ આદરતા કામ, તેથી નહિ થશેજ સકામ. ૩૬

" ઝટ સ્હાય કરો જગરાય " એ રાગ.

પ્હોંચ્યા સરવે પાતાળ—
છે સગર તણાસુત કોપે થયેલ લાલ, હે રામ ! હે રામ (૨)૩૭
ભૂમિ ગિરિ કંદરથી થાકયા, ભટકી બન્યા બેહાલ;
ખોદી ખોદી બન્યાજ ક્રોધી, તનમનથી વિક્રાળ, હે રામ!૩૮
ચારે દિગ્ગજને ફેરો દઈ, બનેલ લોચન લાલ,
પહોંચ્યા કપિલ મુનિને આશ્રમ,સાથે પહોંચ્યો કાળ હે રામ!૨૯
ચોર ગણી એ યોગેશ્વરને, હય જોઇ સમીપે હાલ;
શસ્ત્ર ઉપાડી ધસ્યા મારવા, કરીોજ ન કરી ખ્યાલ. હે રામ !૪૦
પહોંચે છે જયાં પાસ ત્રાસ દઇ, મુખથી ઉચરી ગાળ;
મુનિએ માત્ર હુંકારો કીધો, પ્રગટી અગ્નિ જવાળ. હે રામ ! ૪૧

લલિત.

મુનીશ કોપની આગથી અહા ! બળિ ગયા બધા રાખ એ થયા;
બચી શકયો નહિ કોઇએ તને, ખબર કોણ દે ઘેર ભૂપને. ૪૨
બહુ દિનો વીત્યા તાત તે થકી, પુનિત પૌત્રથી ઊચર્યા શુચી;
ખબર લાવ તું પુર્વજો તણી, બહુ દિનો વીત્યા શું બીના બની.૪૩

નવ નડીશરે કોઇ વંદ્યને, ન કનડીશ તું કોઇ સંતને;
વિઘનકારને માત્ર મારીને, હય તું આણ જા હોંશ ધારીને. ૪૪

પદ. રાગ ભેરવી.

દાદાને પાદે પડીને ચાલ્યા અંશુમાન છે,
ચાલ્યા અંશુમાન છે, એ વ્હાલા બુદ્ધિમાન છે. ૪૫
કાકાઓને પથે જાતા, ખોદાણેથી ઓળખાતા;
પેઠાના વિસામા ખાતા, પાતાળને સ્થાન એ. ૪૬
દિગ્ગ'જોને સેવ્યા તેથી, આશિષ બોલ્યા હેતેથી;
માત્ર ઘોડા સાથે ચેતી, આવીશ નીદાન એ. ૪૭
એ સુણી આગળ ધાયા, રાખના પગો દેખાયા;
ભેદ સમજાયો દીઠો આવે ત્યાં શ્રીમાન એ. ૪૮
કાકાઓ મરેલા જોઇ પ્યારો પુત્ર ગયો રોઇ,
દીઠી નાં કશી ત્યાં સોઇ, દેવા જળ દાન એ. ૪૯

પદ. રાગ ખમાચ.

ત્યાં તુરત જણાયા પંખીરાજ, ત્યાં તુરત પંખીરાજ
પદે પડયો ત્યાંજ, ત્યાં.
કહ્યું કાકાઓ છે અવગતિઆ, કોપ કર્યાથી કથળ્યું કાજ ત્યાં. ૫૦
સાધારણ જળનું બળ રદ છે, આણ તીર્થ જો હોય દાઝ ત્યાં. ૫૧
શ્રીગંગાવિણ એ નહિ તરશે, પણ એ છે આકાશમાંજ. ત્યાં. ૫૨

હાલ લઇ જા હય નિજ સદને રાખ્ય પ્રથમ દાદાની લાજ. ત્યાં.૫૩

સાખી.

ગરૂડ વચન સુણી સગુણી સુત એ ઝટ હયને લઇ ચાલ્યો.
યજ્ઞ પુરણ કરવા અધચુરણ દાદાને જઇ આલ્યો.
સુણીને વાત વીતિ સુત સાથની તાત ઘણું દુઃખ પામ્યા,
યજ્ઞ પુરો કરી ગંગા માટે મથ્યાં કર્યા ન વિરામ્યા.૫૪

વસંતતિલકા.

આકાશમાંથી જળ એ મહીં કેમ આવે ?
ગંગા પ્રસન્ન કરવા જન કેમ ફાવે ?
એવા વિચાર અહીં કાળ પુરો કરીને;
સ્વર્ગે ગયા સગરતો દુઃખીયા ઠરીને. ૫૫

ભુજંગી છંદ.

ઠર્યા ભૂપપુઠે જદા અંશુમાને,
કર્યો યત્ન તે બુદ્ધિમાને મહાને;
તપ્યા એ હિમાળે વિતી સર્વ વેળા,
ગયા સ્વર્ગ વાળી શક્યા એ ન વેળા. ૫૬

માલિની.

પછી દિલિપ નૃપાળે, કાર્ય એ હાથ ઝાલ્યું;

ફિકર મહિં જ તેણે, સર્વ આયુષ્ય ગાળ્યું,
હરિ યજન કરીને, પાપ પોતાનું ટાળ્યું,
વડિલ જન નિમિત્તે, જોર લેશે ન ચાલ્યું. ૫૭

" ગઇ ગ્રીષ્મ થયું ચોમાસું " એ રાગ.

થયા પછી ભગીરથ રાય, જે પ્રયત્ન જગે ગવાય. ટેક.
નિશદિન નૃપતિ શોચે છે, સુત થાય ન સંકટ એ છે;
તપ કરવા ચિત્ત ચહે છે, દઇ રાજ, પિતૃનું કાજ,
કરૂં ધરી દાઝ, ધોળી કરી કાય. થયા. ૫૮
જોઇ વાટ ન સુતની ઝાઝી, મંત્રીને સોંપી ગાદી,
વનમાં વિચર્યા તપ સાધી, તપ ઘોર, કર્યું ધરી જોર;
મહા શુચિ ઠોર, ડરી ન જરાય. થયા. ૫૯
પંચાગ્ની તપતા જાતા, મહિનામાં એક દિન ખાતા;
ઇન્દ્રિપર જયી જણાતા, એ પ્રકાર એક હજાર;
વર્ષ તે ઠાર, તપ્યા વનમાંય. થયા. ૬૦
શ્રીબ્રહ્મા જ્યારે રીઝયા, સંગે લઇ સુરમુનિ બીજા;
આવી કહે સુત અચકી જા, વર માગ્ય, તપ્યો તું અથાગ;
દઉં હવે લાગ, બોલ જે ચાહ્ય. થયા. ૬૧

" ઓધવજી કરમનકી. " એ રાગ.

વધા તદા નૃપ ભગીરથ પડી પાદે,
વર માગી લીધા આલ્હાદે; વધા. ટેક.

સગર સુતોની રાખ ઉપર થઈ, શ્રીગંગા વહે જાતે;
ભૂપર આવે સેવક ફાવે, જલાંજલી દઉં હાથે. વદ્યા. ૬૨
પુત્ર વિનાનો છઉં હું પિતાજી, માગું માત્ર ન જાતે,
ઈક્ષ્વાકુ વંશી કોઈ સુત વિણુ, રહે ન કહીં કોઇ વાતે. ૬૩
પહેલાં ને પાછળનાં કુળનાં, જનનું એ હિત મ્હાતેઃ
બ્રહ્મા રીઝયા અસ્તુ ઊચર્યા, હતાં ગંગાજી સાથે. ૬૪

" મેરા કુમળા જીયરવા " એ રાગ.

વદ્યાં ત્યારે ગંગાજી, બોલ્યાં પ્યારે ગંગાજી.
હારે વદ્યાં પ્યારે ગંગાજીરે ભગીરથ રાજા. વદ્યાં. ૬૫
કેમ હું ભૂપર આવું અરરર બેઉ વાતે નારાજી. ૬૬
જન સહુ હોંશે પાપો ધોશે, મ્હારા જળમાં નહાજી. ૬૭
વેગ કોણુ રહેશે ! ઉદ્વેગ એ; નથી રહેજ બચ્ચાજી. ૬૮
એ બે સારૂ કર મુજ ધાર્યું, સુણે કહું છું પિતાજી. ૬૯

શાર્દુલ છંદ.

શોચીને અજ એ વિષે મન વિષે, બોલ્યા ફરી ભૂપથી.
જા તું શંભુ સમીપ ખૂબ તપીને, રીઝાવ એ મ્હામતિ;
એ ધારે શિર પાદતીર્થ હરિનું, હોંશે સહે વેગને;
ન્હાશે સંત ન પાપ તેથી ટકશે, ગંગાજી તારે તને. ૭૦

ગરબી. " પડવેની " એ રાગ.

શ્રી શંભુને સ્થાન પહોંચ્યા રાજારે.
તપ કરવા લાગ્યા ઉગ્ર નહીં બીરાજ્યારે. ૭૧
એક વરસમાં દેવ રીઝયા જાતેંરે;
આવ્યા વર દેવા માટ ઉમિયા સાથેરે. ૭૨
વદ્યા કહો શુભ કામ, ધન્ય સભાગીરે,
હું પુરીશ ત્હારી હામ, ઉર અનુરાગી. ૭૩
વિષ્ણુપદ જળ તુલ્ય અવર ન વ્હાલુંરે,
એવીજ આશમાં નિત્ય જીવન ગાળુંરે, ૭૪
પુજ્ય તીર્થ એ શીર્ષે ધારીશ પહેલુંરે;
જા કર પ્રાર્થના, કાજ છે હવે સ્હેલુંરે. ૭૫
સુણી ભગીરથરાય રીઝયા ચિત્તેરે;
સ્તુતિ ગંગામાની સદ્ય ઉચર્યા પ્રિતેરે. ૭૬

ગરબી. " ધન્ય ધન્યરે એ સજની, "

ધન્ય ધન્ય જય જય ગંગે,
કરી જનપર કૃપા અપારરે જય જય હો.
ભગીરથ રાજાની સંગે,
થયાં તુરત જવા તૈયારરે. ,, ૭૭
આકાશ થકી ઉતર્યાં મા શ્રી શીવજીના શિરમાંશરે;

મહાવેગ જટામાં ઘુમ્યો,
બીજાથી તો ન ખમાયરે, જય જય હો. ૭૮
સરરર ચાલી ધાર, હીમગિરિ મોઝાર,
તોડયા પહાડ ઠારોઠાર, ધડડડડ ધન્ય. ૭૯
થયા સાત સ્રોત પોતાના બિંદુસરથી,
સુપ્રકારરે જય જય હો.
હલાદીની પાવની નલીની, ચાલ્યા ત્રણ પૂર્વ મોઝારરે. જય. ૮૦
સિંધુ સુચક્ષુ ને સીતા, ત્રણ ચાલ્યા પશ્ચિમ માંઝરે. જય.
સાતમા સ્વરૂપે પુનિતા, ભગીરથની પાછળ ધાયરે. જય. ૮૧
તેથી નામ ભાગીરથી, આગળ જાતા એ રથી;
પાછળ મા વિચરતી, ખળ ખળ ખળ. ધન્ય. ૮૨
નભમાં ભરાયો મેળો સુર આવ્યા ચઢી વિમાનરે; જય૦
ઋષિ સિદ્ધ અને ગાંધર્વો અપ્સરા કરે છે ગાનરે જય.૮૩
આશ્ચર્ય થાય અવિલોકી ભગીરથનાં કરે વખાણરે; જય૦
જગજન સાચાં શુભ શ્લોકી પામશે તીર્થની લ્હાણરે જય ૮૪
ઉત્સવ થયો ચોપાસે, દશમી ને જ્યેષ્ઠ માસે.
હાલે થાય સુઉલ્લાસે. વાહ વાહ વાહ. ધન્ય. ૮૫

પદ. "સોરઠ" "વટ પત્ર ઉપર." એ ઢાળ.

સરરરરર સર્યો ભગીરથનો સુરથરે;
ભગીરથનો સુરથ પુંઠે માતા સમરથ. સરરર. ટેક, ૮૬

ખાડ ટેકરા કશું નડતું નથી, ચઢ ઉતર કરી કાપે જાય પથરે.૮૭
વાંકી સીધી ઉછળતી લપસતી, વ્હેતી સરિતા પુંઠે રમતી સ્વગતરે
કહીં સંકડાતી કહીં પથરાતી, રથથી ઉતરતી ન કરતી ફુરતરે૮૯
કરતી ઘુમરી ભરતી લહરો હસતી ધસતી ખસતી
મસતી માંહે પ્રમત્તરે. ૯૦

ધનાશ્રી.

પતિત પાવન થયા, તુરત કંઇ પતિત પાવન થયા;
ન્હાઈ સ્વર્ગમાં ગયા, તુરત કંઈ પતિત પાવન થયા. ૯૧
છૂટયા શ્રાપથી પૂર્વ પાપથી, ત્રિતાપ તન નવ રહ્યા તુરત ૯૨
ઋષી સિદ્ધ વિધિ, સહિત સેવવા, ખોટી નવ ક્ષણ રહ્યા. ૯૩
નવું નીર નવું તીર વિલોકી, ન્યાલ જાણે જન થયા. ૯૪
સદા સારૂ પૃથ્વીપર પ્રસરી હરિની જીવન દયા. ૯૫
ભગીરથનો રથ જાય ઝડપથી, સહુએ ધન્ય ધન્ય કહ્યા,૯૬

દુહો.

વખાણુ સુણતા સર્વથી, સાચાં સ્થાનો સ્થાન;
ભગીરથને ભાગીરથી, બન્યાં બેઉ મસ્તાન. ૯૭

શાર્દુલ વિક્રિડિત.

જન્હુરાય કરે સુયજ્ઞપથમાં, તેને જરી નાં ગણી;

ડૂબાવી સહુ યજ્ઞ વસ્તુ જળથી, મસ્તી ચઢી છે ઘણી;
રાજાએ નિજ ભવ્ય ભક્તિ જાણવી પાણી બધું પી ગયા;
દેવો સિદ્ધ નરેશ સર્વ અચકી, જોતાંજ દુઃખી થયા. ૯૮

ઉપેન્દ્રવજ્રા.

પદે પડયા જન્હુ તણા બધા એ.
સ્તુતી કરી ભૂપ તણી તદા એ;
સ્વકર્ણમાંથી કરી જ્યાં વિદાએ.
ગણાઇ તે જાન્હવી લોકમાંહે. ૯૯

માલિની.

ઝડપ કરતી ગંગે, ચાલી જ્યાં ઊભરાતી;
હરખિત થઇ ધાયા, ભૂપતિએ ત્વરાથી,
ઉદધિ મહીં પ્રવેશી પ્હોંચી પાતાળ વાસે.
જઇ સ્થિર થઇ ઊભી, રાખના થોક પાસે. ૧૦૦

શિખરિણિ છંદ.

અડી તેને ગંગા, અઘ સહુ બળ્યાં તેજ પળમાં,
થયા દેવી અંગે, સગર તનુજો તેજ સ્થળમાં.
વિમાને બેસીને, સ્વરગની પ્રતિ સદ્ય વિચર્યાં;
ઋષિ દેવો સિદ્ધો, જય જય તદા સર્વ ઉચર્યાં. ૧૦૧

" મીલો મીલોજી " એ રાગ.

થયા તેવા પ્રકટ ત્યાં વિશ્વપતિ;
વિશ્વપતિ કરી કરૂણા અતિ, થયા તેવા. ૧૦૨
ભગીરથના પ્રયત્નને પેખી ધન્યવાદ આપ્યો મુખથી. ૧૦૩
જલાંજલી દેવા કરી આજ્ઞા, ફરી ફરીને વખાણી કૃતિ. ૧૦૪
ભગીરથની દુહિતા ભાગીરથી, આજ્ઞાદઈ કરી વિશ્વ છતી ૧૦૫
અંત શ્રીમત વૈકુંઠ પામવા, મળી સંમતિ પીડા પતી. ૧૦૬
એ ઉપકાર અપાર જનોપર, થયો ન કોથી થશે કદી. ૧૦૭

દોહરો.

ધન્ય માત ભાગીરથી, ધન્ય ભગીરથ રાય;
ધન્ય શ્રીકંથ ચરણ શરણ, જે અનંત ચિત વ્હાય. ૧૦૮

કારણ કે—

" શ્રીપતિ પદાંબુજનો મહિમા અપાર.
મહિમા અપાર, ધ્યાયે શરણું નરનાર. શ્રીપતિ૦
સ્પર્શ્યું જે જળ એની સંગે, થયાં માતુશ્રીગંગે.
જેના સુપ્રસંગે અણુ પામે ભવપાર. શ્રીપતિ૦

સંવત્ ૧૯૫૬ જ્યેષ્ઠ સુદ ૩. ઇતિ અ૦ ત્રિ૦ વૈષ્ણવ.
મુ. રાધનપુર.